MARU GUJARAT

www.marugujarat.in

# મહાગુજરાત અંદોલન

ઐતિહાસિક | કેન્દ્ર | મહારાષ્ટ્રની સ્થિતિ | મહાગુજરાત

**(૧) ઐતિહાસિક પૃષ્ટભૂમિ** :

- ભાષાવાર રાજ્યોની રચના નો પ્રથમ પ્રસ્તાવ ૧૯૨૧ માં કોંગ્રેસ દ્વારા પ્રસ્તુત કરાયો.પરંતુ આઝાદી સુધી તેમાં કોઈ પ્રગતિ ન સધાઈ. આઝાદી બાદ ત્રણ સમિતિ ની રચના :

(૧) એસ.કે. ધર. (ભલામણ વહીવટી સરળતા અનુસાર રાજ્યોની રચના કરવી તે દર્શાવાયું)

(૨) જે.વી.પી. (ભલામણ એસ. કે. ધર સાથે સામ્યતા દર્શાવી)

(૩) ફઝલ અલી (ભાષાવાર રાજ્યોની રચના)

- ભાષાવાર રાજ્યોની રચનામાં આંધ્રપ્રદેશ પ્રથમ ભાષાકીય રાજ્ય હતું.
- ૧૯૫૩ બાદ મુજબ મુંબઈ રાજ્ય તથા ગુજરાત રાજ્ય અલગ કરવાની માંગ થઇ જે માટે કેન્દ્ સરકારે એક મધ્યમ માર્ગ અપનાવ્યો. જે અંતર્ગત ત્રણ ઘટકો ની રચના નીચે મુજબ છે.

**(૨) કેન્દ્ર** :

- ગુજરાત
- મહારાષ્ટ્ર
- મુંબઈ (કેન્દ્ર સરકારનું શાસન)

} અલગ હાઇકોર્ટ

- ગુજરાતની પ્રજા દ્વારા સ્વીકાર , મરાઠીઓ દ્વારા વિરોધ

-પરિણામે મુંબઈ માં તોફાનો

- ગુજરાતીઓનું સ્થળાંતર

**(૩) મહારાષ્ટ્ર ની સ્થિતિ** :-

- અલગ મહારાષ્ટ્ર બનાવવા માટે February 1956 માં મહારાષ્ટ્ર સયુંકત સમિતિની રચના

પ્રમુખ: એસ.એમ. જોષી સ્થળ : પુના

- એપ્રિલ ૧૯૫૬

મુંબઈ વિધાન સભાએ અલગ મહારાષ્ટ્ર રાજ્ય ને મંજૂરી આપતો ઠરાવ મંજુર કર્યો.

- મોરારજીભાઈ દેસાઈના  વિરોધમાં રાજય સભાના સભ્યો હૃદયનાથ કુંજ, બાબા સાહેબ આંબેડકર નું અલગ મહારાષ્ટ્ર ના સંદર્ભ માં સમર્થન હતું.

- ૧૯૫૬ માં મહારાષ્ટ્રના પ્રવાસ દરમિયાન નહેરુએ અલગ મહારાષ્ટ્રનો પ્રસ્તાવ ઠુકરાવ્યો. જેનો વિરોધમાં તોફાનો તથા કેન્દ્રીય નાણામંત્રી સી.ડી.દેશમુખ અને ભાઉસાહેબ એ રાજીનામાં મુક્યા.
- ગુજરાતમાં તે સમયે અલગ અલગ રાજ્યો બનાવવાનો પ્રસ્તાવ કોંગ્રેસ દ્વારા પસાર કરાયો.
- ગુજરાત કોંગ્રેસ માંથી નાનુભાઈ દેરાસરીએ કેન્દ્રમાં આબુ સહીત ડાંગ,ઉમરગાવ, વાસવાડા સહીત ના વિસ્તારો ગુજરાતમાં સમાવી લેવા જોઈએ તેવો દસ્તાવેજી પુરાવા રજુ કર્યા.

**(૪) મહાગુજરાત** :-

Downloaded from MARU GUJARAT

- કેન્દ્ર સરકાર દ્વારા અલગ ગુજરાત રાજ્ય નો પ્રસ્તાવ ના મંજુર થતા ૭ મી ઓગસ્ટ ૧૯૫૬ ના રોજ અમદાવાદના ભદ્ર ખાતે કોંગ્રેસના નેતા ઠાકોરભાઈ દેસાઈને કેટલાક વિદ્યાર્થીઓ મળ્યા.

- **૮ ઓગસ્ટ**ના રોજ અલગ ગુજરાત રાજ્યના પ્રસ્તાવ ની નામંજૂરી ના સમાચાર સત્તાવાર રીતે જાહેર થતા વિદ્યાથીઓએ હડતાલ નું એલાન કરી જંગી સરઘસ કાઢ્યું. પોલીસ દ્વારા દમન માં કેટલાક વિદ્યાર્થીઓના મૃત્યુ થયા.
વિદ્યાર્થીઓના નામ:

(૧) પૂનમ ચંદ

(૨) સુરેશ ભટ્ટ

www.marugujarat.in

(૩) અબ્દુલ પીરભાઈ

(૪) કૌશિક વ્યાસ.

સરકારે આ ઘટના અને ત્યારબાદના તોફાનો ની તપાસ માટે વામનરાય ધોળકિયાની અધ્યક્ષતામાં નાગરિક તપાસ પંચ ની રચના કરી.

- **મહાગુજરાત વિદ્યાર્થી સમિતિની રચના અથવા મહાગુજરાત પગલા સમિતિ ની રચના**:

આઝાદીની લડત સમયે સ્થપાયેલી રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળનું સ્વરૂપ.

સભ્યો:

(૧) ભ્રમકુમાર ભટ્ટ

(૨) હરિહર ખંભોડજાં

(૩) પ્રબોધભાઈ રાવળ

(૪) હરીપ્રસાદ વ્યાસ

(૫) બુલાખી નવલખા

(૬) જયંત ભટ્ટ

(૭) રણજીત શાસ્ત્રી

- સમિતિ સ્થાપનામાં National Union Of Students ના આગેવાન ડૉ.અનંત શેલતે હાજરી આપી.

- વિદ્યાર્થીઓના પ્રયાસોને પ્રજા સમાજવાદી પક્ષ અને સામ્યવાદીઓનો સહકાર મળ્યો.

**- મહાગુજરાત જનતા પરિષદની સ્થાપના :-**

ઓગસ્ટ ૧૯૫૬ માં પ્રજા (૧) સમાજવાદીઓ (૨) સામ્યવાદીઓ (૩) મહાગુજરાત ના મુદ્દે કોંગ્રેસ માંથી છુટા પડેલા સભ્યોનો સયુંકત મોરચો. મહાગુજરાત જનતા પરિષદ તરીકે ઓળખાયો.

મુખ્ય નેતાઓ :-

પ્રમુખ :- ઇન્દુલાલ યાજ્ઞિક

અન્ય: ગણપતલાલ પટેલ, જયંતીલાલ પરીખ, ભાઈલાલ ભાઈ

- મહાગુજરાત જનતા પરિષદ સાથે પગલા સમિતિને ભેળવી દેવામાં આવી.

- સુશિક્ષિત મહિલાઓ વિનોદી નીલકંઠ,શારદાબેન મહેતા, રંજનબેન દલાલ, વીરબાળા, નાગરબાળા પોતાનું સમર્થન આપ્યું.

- જનતા પરિષદ અને ચુંટણી:-

મહાગુજરાત ના અંદોલન કર્યોએ તે સમયની વિધાન સભા તથા લોકસભા ની ચુંટણી લડવાનું નક્કી કર્યું.

- જેમાં તેમનું ચુંટણી ચિહ્ન "કુકડો" અને અનામત ઉમેદવારો માટે "સિંહ" નક્કી કર્યું.

- આ સમયગાળા દરમિયાન વડોદરા ની યુનિવર્સીટી ચટણીમાં પદમ કુમાર જવેરી તથા અનસુયાબેન ચુંટાઈ આવ્યા. જેઓ મહાગુજરાત અંદોલનના સમર્થકો હતા.

-જનતા પરિષદને મુસ્લિમ આગેવાન અહેમદ મિયાં શૈખ અને મૌલાના હબીબુર ,ગઝનવી એ સયુંકત રીતે ટેકો આપ્યો તથા મહાગુજરાત ના સમર્થન માં ૧૯૫૬માં તાજિયા ન કાઢવાની જાહેરાત કાઢી તેમજ હરિજન તથા અન્ય જાતિઓએ પણ કોંગ્રેસની રેલીઓની સમર્થન ન આપી. મહાગુજરાત તરફી વલણ દર્શાવાયું.

- નહેરુની ગુજરાત મુલાકાત:

દ્રીભાસી મુંબઈ ના સંદર્ભે જવાહરલાલ નહેરુ ઓક્ટોબર ૧૯૫૬માં ગુજરાતની મુલાકાત લીધી તથા ગાંધીજયંતી (૨ ઓક્ટોબર)ના દિવસે લાલદરવાજા ના મેદાનમાં સભાનું આયોજન કર્યું. જેમાં

મોરારજીભાઈ દેસાઈ ,ઠાકોરભાઈ દેસાઈ (કોંગ્રેસ ના પ્રમુખ) એ પ્રવોચન કર્યા. સભાને નબળો પ્રતિસાદ મળ્યો.

- ઇન્દુલાલ યાજ્ઞિક ની સભા:

નહેરુ ને સમાંતર ઇન્દુલાલ યાજ્ઞિકે લૉ કોલેજ ના ગ્રાઉન્ડમાં જનતા પરિષદ યોજી જેને અપ્રતિમ પ્રતિસાદ મળ્યો. સભામાં શહીદ દિવસ (૦૮-૧૦-૧૯૫૬) ના રોજ મૌન સરઘસ કાઢવાની જાહેરાત કરાઈ .સાથે બીજું મૌન સરઘસ ૨૮-૧૦-૧૯૫૬ ના રોજ કાઢવામાં આવી . તાજિયા ન કાઢવા તેમજ દિવાળી ની ઉજવણી મૌકૂફ રખાઈ.

- જનતા પરિષદના કાર્યકરોની ધરપકડ :

જનતા પરિષદના કાર્યોથી અસ્થિર થયેલી કોંગ્રેસએ પરિષદના નેતાઓ જયંતીલાલ દલાલ, હરિહર ખંભાળિયા, પ્રબોધ રાવળ, હરિપ્રસાદ વ્યાસ, બ્રાહ્મકુમાર ભટ્ટ ની ધરપકડ કરી યરવડા જેલ (પુના) માં મોકલી દેવાયા. (શ્રી હિરેડીયા તે વખતે કલેકટર હતા તેમજ ડી.જી.આઈ. શ્રી નાણાવટી હતા અને મેયર ચીમનભાઈ હતા)

- ચુંટણી:

ચુંટણીમાં કોંગ્રેસનો વિજય થયો. કુલ ૩૯૨ સીટ માંથી ૨૩૨ બેઠકો કોંગ્રેસે જીતી. નવા મુખ્યમંત્રી તરીકે વાય.વી.ચવાણ  તથા ગૃહ મંત્રી રસિકલાલ પરીખ નીમાયા. (તે વખતે દિનકર મહેતા જનતા પરિષદના પ્રમુખના દાવેદાર માં હતા ઇન્દુલાલ યાજ્ઞિક સામે પણ ઇન્દુલાલ યાજ્ઞિક નો વિજય થયેલ હતો )

- ચુંટણી બાદ:

ઇન્દુલાલ યાજ્ઞિક રાષ્ટ્રપતિને ( રાજેન્દ્ર પ્રસાદ) મહાગુજરાત અંગેની માહિતી આપી. તથા નેહરુ તથા જી.વી.પન્ત ને સંસદમાં સરદારનું તૈલી ચિત્ર મુકવા વિનતી કરી.

- નવેમ્બર ૧૯૫૭ માં જનતા પરિષદ તથા મહારાષ્ટ્ર સંયુક્ત સમિતિ વચ્ચે મુંબઈ મુદ્દે સમાધાન થયું.

-શહીદોના સ્મારક:

ઓગસ્ટ ૧૯૫૮મ નડિયાદના મળેલી બેઠકમાં જનતા પરિષદે શહીદોના સ્મારક રચવાનો પ્રસ્તાવ રજુ કર્યો. જે અમદાવાદ ,નાદિયાદ ,અને કલોલ માટે માન્ય રખાયો. સાથે લાલ દરવાજા ના બાગને શહીદબાગ અને કોંગ્રેસ હોઉસ નજીકના ટ્રાફિક સર્કલ ને  શહીદચોક નામ આપવું તેવી માંગણી કરાઈ.

- તે સમયના મેયર ચીનુભાઈ ચીમનલાલએ પરવાનગી આપવાની ના પાડી.  કારણકે લાલદરવાજા ના બાગ તથા ટ્રાફિક સર્કલને અગાઉથી અનુક્રમે સરદાર બાગ તથા માલવંકર ચોક નામ આપી દીધેલ હતું.

Downloaded from
MARU
GUJARAT
www.marugujarat.in

- શહીદ સ્મારકની રચના :

૮ ઓગસ્ટ ૧૯૫૮ ના રોજ શહીદ સ્મારક રચવા મણીલાલ મેન્સન થી પ્રથમ ટુકડી રવાના થઇ. જેની આગેવાની ઇન્દુલાલ યાજ્ઞિકે લીધી. ( બીજી ટુકડી રવાના થઇ તેની આગેવાની દિનકર મહેતા એ આગેવાની લીધેલ હતી.)

- ૧૨ ઓગસ્ટના રોજ સરકાર દ્વારા થાંભલીઓ ઉપાડી લેવામાં આવી. જેના પરિણામે સમગ્ર અમદાવાદ અને અન્ય શહેરોમાં તોફાનો ફાટી નીકળ્યા. સરકારે તોફાનો દબાવવા. દમન ગુજાર્યો. જેના વિરોધ માં ઇન્દુલાલ યાજ્ઞિકે ૭ દિવસના ઉપવાસ રાખ્યા.

- તે સમયના મુખ્ય પ્રધાન વાય.વી.ચવાણ. મેહસુલ મંત્રીએ અમદાવાદ આવી લોકોને શાંતિ જાળવવા આકાશવાણી દ્વારા અપીલ કરી.

- જેલ ભરો અંદોલન:

અંદોલન નવું સ્વરૂપ લે તે માટે જનતા પરિષદ દ્વારા જયંતી દલાલ ની આગેવાની હેઠળ જેલ ભરો અંદોલન શરૂ કરાયું. જેની શરૂઆત ૧૭ ઓગસ્ટ ૧૯૫૮ ના રોજ ઇન્દુલાલ યાજ્ઞિકની પ્રથમ ટુકડી થી થઇ. ટુકડીઓ ત્રણ દરવાજા ની પાસે ભદ્ર તરફ એકઠી થતી જ્યાં કલમ ૧૪૪ લાગુ હતી. તથા પાનકોર સુધી કરફ્યું. અમલમાં હતું. સત્યાગ્રહ એપ્રિલ ૧૯૫૯ સુધી સળંગ ૨૨૬ દિવસ ચાલ્યો.

- કોટાવાલા તપાસપંચ:

શહીદ સ્મારક તથા ત્યારબાદ ના ઘટનાક્રમની તપાસ માટે મુંબઈ હાઈ કોર્ટ ના જસ્ટીસ કોટાવાલા ની અધ્યક્ષતામાં એક તપાસપંચ ની નિમણુંક કરવામાં આવી.

- અંદોલન માં વર્તમાન પત્રો :

જન સત્તા દૈનિકે મહાગુજરાત અંદોલન માં સિંહફાળો આપ્યો. જેના તંત્રી રમણલાલ શેઠ હતા. લડત લંબાતા જનસત્તા એ સમર્થન પાછું ખેચીલીધું આથી જનતા પરિષદ દ્વારા લડતને ચાલુ રાખવા જનતંત્ર તથા નવગુજરાત નામના દૈનિક શરુ કરવામાં આવ્યા.

- દ્રીભાશી રાજ્યોનું વિસર્જન :

ઓગસ્ટ ૧૯૫૯ માં વિધાનસભામાં વિસર્જનના સમાચાર કેન્દ્ર તરફથી મોકલવામાં આવ્યા. નવેમ્બર ૧૯૫૯ માં જવાહરલાલ નહેરુએ કાંકરિયા માં વિસર્જન ની જાહેરાત કરી. ૧૯ એપ્રિલ ૧૯૬૦ લોકસભાએ વિસર્જન નું બિલ પસાર કર્યું. ૨૨ એપ્રિલ ૧૯૬૦ એ રાજ્યસભાએ બિલ પસાર કર્યું. ૨૫ એપ્રિલ ૧૯૬૦ રાષ્ટ્રપતિની મંજૂરી મળી.

Downloaded from MARU GUJARAT www.marugujarat.in

- વિસર્જન ના અગત્યના મુદ્દા :

  ડાંગ, વલસાડ ના પ્રદેશો ગુજરાતમાં લેવા, ગુજરાત માટે મહારાષ્ટ્ર તરફથી ગુજરાતને ૧૦ વર્ષ સુધી ૪૦ કરોડની સહાય, પાટનગર નિર્માણ માટે મહારાષ્ટ્ર તરફથી ૧૦ કરોડની સહાય, ખાન દેશ મહારાષ્ટ્ર હસ્તક રહશે,

- ૧,મે ૧૯૬૦ સાબરમતી આશ્રમ ખાતે પૂજ્ય રવિશંકર મહારાજ ના હસ્તકે ગુજરાતની સ્થાપના કરવામાં આવી.

- પ્રથમ મુખ્ય મંત્રી – જીવરાજ મહેતા
- પ્રથમ મુખ્ય સચિવ – ઇશ્વરન
- પ્રથમ સ્પીકર – કલ્યાણસિંહ મહેતા
- પ્રથમ પોલીસ વડા (ડીજીપી) – કાનેટકર
- રાજભવન – શાહીબાગ ખાતેનો કમિશનર નો બંગલો
- કામચલાઉ સચિવાલય – અંબાવાડીની પોલીસ ચોકી
- હાઈ કોર્ટ – નવરંગપુરા ચિલ્ડ્રન હોસ્પિટલ
-વિધાનસભા – સિવિલ હોસ્પિટલ
- શહીદો નું સ્મારક :

  ઇન્દુલાલ યાજ્ઞિક દ્વારા સપ્ટેમ્બર ૧૯૬૮ માં શહીદોના સ્મારક અમદાવાદ,નાદિયાદ અને કલોલ માં સ્થપાયા.

By Vedant Sir from Gandhinagar.

Downloaded from MARU GUJARAT www.marugujarat.in